## મૌલિક અભ્યાસ અને સંશોધનનું આવેદન

(STATEMENT OF RESEARCH)

ભાષા-સાહિત્ય અને તેમાં પણ લોકસાહિત્ય જેવા વિષયમાં મૌલિક સંશોધનનો દાવો કરવો એ ઘણું કપરું કામ ગણાય. તેમ છતાં આ મહાનિબંધમાં આજ સુધી થયેલી વિચારણાના અનુલક્ષમાં મેઘાણીની કામગીરીને વ્યવસ્થિત રીતે તપાસવાનો ઉપક્રમ મેં રાખ્યો છે. તેમાંના તારણો વિવાદાસ્પદ હોય, છતાં અભ્યાસીઓની જિજ્ઞાસુવૃત્તિને સંકોરી આપે તેવાં માહિતીપ્રદ છે. વિજ્ઞાનના સંશોધનમાં, જે અર્થમાં મૌલિકતા-નો દાવો કરી શકાય તેવો આવા મહાનિબંધમાં ન કરી શકાય, તે સ્વયંસ્પષ્ટ છે.

આ મહાનિબંધને છ પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યો છે.

પ્રથમ પ્રકરણ – 'મેઘાણી જીવનરેખા : લોકસાહિત્યના અનુસંધાનમાં' – માં લેખકના જીવનના મહત્ત્વના પ્રસંગોને કેન્દ્રમાં રાખીને તેમના લોકસાહિત્ય સંશોધન-સંપાદન ઉપર કેવી અસર પડી છે તેની સમીક્ષા રજૂ કરી છે. મેઘાણીની જન્મ તારીખ અને જન્મ સ્થળ વિશેની અનેક ચર્ચાનું દોહન કરીને, ઉપલબ્ધ પુરાવાને આધારે, તેમને લોકસાહિત્યના ક્ષેત્રમાં ખેંચી જનાર પરિબળોની ચર્ચા કરી છે.

બીજા પ્રકરણ – 'લોકવિદ્યા અને લોકસાહિત્યની વિભાવના'-માં લોકવિદ્યા અને લોકસાહિત્યની અર્થછાયા સ્પષ્ટ કરી, લોકવિદ્યા અને લોકસાહિત્ય વચ્ચેના સંબંધની આલોચના રજૂ કરી છે. 'ફોકલોર' શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ કોણે કર્યો હતો, તે ઉચિત પ્રમાણો આપીને દર્શાવ્યું છે.

ત્રીજા પ્રકરણ – 'મેઘાણી : લોકસાહિત્યના સંશોધક અને સંપાદક' – માં સંશોધક, સંગ્રાહક અને સંપાદક સંજ્ઞાની અર્થચ્છાયા સ્પષ્ટ કરી, મેઘાણીની આ ક્ષેત્રની કામગીરીને મૂલવી છે. બંગાળી, પંજાબી, હિન્દી જેવી ભગિની ભાષાઓમાં લોકસાહિત્યનું સંશોધન-સંપાદન ક્યારે અને કોણે કર્યું છે, તેનો ટૂંકો ઇતિહાસ રજૂ કરી; ગુજરાતીમાં મેઘાણી પહેલા થયેલ ખેડાણનો વિકાસક્રમ પ્રસ્તુત કર્યો છે. આ વિકાસક્રમના અનુલક્ષમાં મેઘાણીની કામગીરી, કેટલીક મર્યાદાઓ હોવા છતાં, લોકસાહિત્યના ક્ષેત્રમાં સ્થિત્યંતર સમાન છે, તે પ્રતિપાદિત કર્યું છે.

લોકસાહિત્યના સંશોધન-સંપાદનની મેઘાણીની પધ્ધતિ પોતાની આગવી અને વિશિષ્ટ કહી શકાય તેવી હતી. આ વિષય તરફનો તેમનો અભિગમ કૌતુકલક્ષી છે, વિજ્ઞાનિક નથી; તે યોગ્ય આધારો આપીને તાર્વ્યું છે. લોકસાહિત્યના સંશોધન-સંપાદનમાં તેમની પધ્ધતિ સહયોગી-નિરીક્ષક (Participant - Observer) ની હતી, તે સ્પષ્ટ કર્યું છે.

ચોથા પ્રકરણ – 'મેઘાણી : લોકકથાના સંપાદક' – માં લોકકથાના વર્ગીકરણની વિવિધ પધ્ધતિઓ રજૂ કરી, મેઘાણીએ આપેલું લોકકથાનું વર્ગીકરણ કઇ પધ્ધતિએ થયું છે, અને કયા અર્થમાં તે ખામીભર્યું છે, તેની આલોચના કરી છે. લોકકથાના ઘટકતત્ત્વો સ્પષ્ટ કરી, મેઘાણી ~~દ્વાવા~~ દ્વારા સંપાદિત કેટલીક પસંદ કરેલી લોકકથાની સમીક્ષા રજૂ કરી છે.

પાચમા પ્રકરણ – 'મેઘાણી : લોકગીતોના સંપાદક' – મા લોકગીતના વર્ગીકરણની વિવિધ પધ્ધતિના અનુલક્ષમા, મેઘાણીએ અપનાવેલી પધ્ધતિ કેવી છે, તેની તપાસ કરી છે. લોકગીતના સંશોધન-સંપાદનમા મેઘાણી વિવેકબુધ્ધિ વાપરીને કાપકૂપ કરે, સુધારા-વધારા આપે, કે અધિકૃત વાચના રજૂ કરે છે; ત્યારે તેઓ જાણ્યે-અજાણ્યે અવળે માર્ગે ફંટાયા છે, તેની નોંધ લીધી છે. 'સોરઠી સંતવાણી' જેવા સંપાદનમા તેઓ વિષયવાર વિભાગીકરણ આપે છે, પરંતુ બીજી રીતે પણ તેનુ વિભાગીકરણ થઇ શકે છે, તેની વિગતે ચર્ચા કરી છે.

છઠ્ઠા પ્રકરણ – 'લોકસાહિત્ય વિશે મેઘાણીની વિવેચના'– મા મેઘાણીએ લોકકથા, લોકગીત જેવા પ્રકારોનુ વિવેચન કર્યું છે, તેની સમીક્ષા કરી છે. લોકસાહિત્યના વિવેચનમા મેઘાણીએ અગ્રયાયી વિવેચક તરીકે કરેલુ પ્રદાન નોંધપાત્ર છે, તેનો ચિતાર આપ્યો છે. 'ચારણો અને ચારણી સાહિત્ય' ને ભલે લોકસાહિત્યનુ શુધ્ધ વિવેચન ન કહીએ, છતાં ચારણી સાહિત્યના સૌ પ્રથમ કીમતી દસ્તાવેજ લેખે એનુ મૂલ્ય ઓછુ નથી, તે નોંધ્યુ છે.

લોકસાહિત્યના ક્ષેત્રે પરિભાષા ખાસ કરીને નિયત થયેલી નથી. એવા સંજોગોમા આ મહાનિબંધમા ખપમા લીધેલી કેટલીક સંજ્ઞાઓની પરિભાષા નિયત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. જોકે 'મોટિફ' જેવી સંજ્ઞા માટે યોગ્ય પર્યાય ન જડતા, તેને 'મોટિફ' કહીને ચલાવી લેવુ પડ્યુ છે.

મહાનિબંધને અંતે પરિશિષ્ટ – ૪ મા રાજા ભરથરીને લગતો, મેઘાણી સંપાદિત અપ્રગટ રાસડો સૌ પ્રથમ વાર પ્રસ્તુત કર્યો છે.

માર્ગદર્શક : [signature]
(લવકુમાર દેસાઇ)

[signature]
(નલિન દેસાઇ)
સંશોધક

વડોદરા,
તા. ૨-૬-૧૯૮૩.